# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-07-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

- દક્ષિણ ગુજરાતમાં વલસાડ અને નવસારીમાં ભારે વરસાદથી જળબંબાકાર....નર્મદામાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયાં
- રાજયમાં આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની આગાહી
- ચાંદીપુરમ વાઇરસના કારણે રાજયમાં ચાર બાળકોના શંકાસ્પદ મોત.. આરોગ્ય વિભાગ દ્વારા સંબધિત જીલ્લાઓમાં સર્વેલન્સ હાથ ધરવા આદેશ અપાયો
- રાજકોટના હિરાસર હવાઇ મથક પરથી ઓક્ટોબર મહિનાથી વિદેશી વિમાન સેવાઓ શરૂ થશે
- લોથલમાં નિર્માણ પામી રહેલા નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સના પ્રથમ તબક્કાનું કામ 55 ટકા પૂર્ણ
- તાપી નદીના પ્રાગટ્ય દિનની ઉકાઇ ડેમ ખાતે ઉજવણી કરવામાં આવી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAIN DISTRICT

**રાજયમાં આજે સવારના છ વાગ્યાથી લઇને સાંજના 6 વાગ્યા સુધીમાં 69 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો.. ગાંધીનગર ખાતેથી જાહેર થયેલા સત્તાવાર આંકડા અનુસાર સવારના છ વાગ્યાથી લઇને સાંજના છ વાગ્યા સુધીમાં 69 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો..**

જેમાં નવસારીના ગણદેવીમાં સૌથી વધુ 6 ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.. આ વરસાદના કારણે નવસારીના જલાલપોર તાલુકાના ખરસાડ ગામમાં ખાડીના પાણી ભરાતાં ગામ બેટમાં ફેરવાયું હતું. ખેરગામમાં સવા 4 ઇંચ, ચીખલીમાં 4, અને વાંસદામાં 3 ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. વરસાદ ખાબકતા ગ્રામીણ વિસ્તારમાં 17 રસ્તાઓ બંધ થતા વાહનવ્યવહારને અસર થઇ હતી. ભારે વરસાદને કારણે નવસારી હાઇવે પર ખાડા પડી જતા વાહન ચાલકો હેરાન થઇ ગયા હતા.

(બાઇટ- અશોક પટેલ, નવસારી, પીટીસી)

વલસાડના અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે જિલ્લાના વલસાડ તાલુકામાં સવા ચાર ઇંચ, ઉમરગામમાં 4, કપરાડામાં 4 ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ વરસાદને કારણે અનેક સ્થળોએ જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ છે..

(બાઇટ – નફીઝા એ. શેખ, ડિઝાસ્ટર મામલતદાર, વલસાડ)

અમારા નર્મદાના પ્રતિનિધિ દીપક જગતાપ જણાવે છે કે નર્મદા જિલ્લામાં તોફાની પવન અને વાવાઝોડા સાથે વરસાદ પડતાં નીચાણ વાળા વિસ્તારમાં પાણી ભરાયાં હતા.

અમારા ભરૂચના પ્રતિનિધિ વાહિદ મશહદી જણાવે છે કે જિલ્લામાં ૨૪ કલાકમાં જંબુસર અને વાલિયામાં એક-એક ઇંચ અને નેત્રંગમાં દોઢ ઇંચ વરસાદ નોંધાયો હતો.

દમણમાં આજે સવારના 8 થી બપોરના 4 વાગ્યા સુધીમાં 4 ઇંચ જેટલો વરસાદ નોંધાતા મુખ્ય રસ્તા પર પાણી ભરાયા હતા.

આ ઉપરાંત આજે બપોર બાદ અમદાવાદમાં પણ વરસાદી ઝાપટાં પડ્યા હતા... દક્ષિણ ગુજરાતની સાથેસાથે સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં પણ વરસાદ વરસ્યા હોવાના અહેવાલ મળ્યાં છે.

મોરબીના હળવદ તાલુકાનો બ્રાહ્મણી-૨ ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયો હોવાથી હેઠવાસના 11 ગામોને એલર્ટ કરાયા છે. તેમજ ગ્રામજનોએ તકેદારી રાખવા અને નદીના પટમાં અવરજવર ના કરવા સુચના આપવામાં આવી છે.

----------------------------

# WEATHER

રાજ્યમાં વરસાદને લઈને અમુક જિલ્લાઓ જેવા કે અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ, ગીર સોમનાથ, દાદરા નગર હવેલીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયો છે. વધુમાં હવામાન વિભાગના વૈજ્ઞાનિકે આ મુજબ જણાવ્યુ હતુ.....

(બાઇટ- રામાશ્રય યાદવ, હવામાન વૈજ્ઞાનિક)

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## CHANDIPURMA CASES

ચાંદીપુરમ વાઇરસના શંકાસ્પદ સંક્રમણના કારણે સાબરકાંઠાના હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ચાર બાળકોના મોત થયા હોવાના અહેવાલ છે. જ્યારે બે બાળકો સારવાર હેઠળ છે. તમામ શંકાસ્પદ છ કેસોના નમૂના તપાસ માટે પૂણેની એનઆઈવી લેબમાં મોકલાયા છે. દરમિયાન સાબરકાંઠા, અરવલ્લી, ખેડા અને મહિસાગર જિલ્લામાંથી પણ ચાંદીપુરમના શંકાસ્પદ કેસ મળી આવતા આ વાયરસના નિયંત્રણ માટે ગાંધીનગરમાં આજે આરોગ્ય વિભાગે સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં સંબંધિત જિલ્લાઓમાં સર્વેલન્સ હાથ ધરવા આદેશ અપાયો છે.

આ ઉપરાંત જે બાળકો શંકાસ્પદ ચાંદીપુરમ વાઇરસના દર્દીઓ છે તેની યોગ્ય સારવાર આપવાની પણ સૂચના આરોગ્ય વિભાગે સંબધિત

જીલ્લાઓને આપી છે. વધુ માહિતી આપતા આરોગ્ય વિભાગના અધિક નિયામક આર.બી.પટેલે આ મુજબ જણાવ્યું.....

**( બાઈટ – ડો. આર.બી.પટેલ, અધિક નિયામક આરોગ્ય )**

.................

## RAJKOT AIRPORT

રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઓક્ટોબર મહિનામાં વિદેશી વિમાની સેવા શરૂ કરવામાં આવશે. આ અંગેની સત્તાવાર જાહેરાત રાજકોટ એરપોર્ટ ઓથોરિટી દ્વારા કરવામાં આવી છે. જે મુજબ સંભવત: 15 મી ઓગસ્ટ થી મુસાફરો માટે, હાલ નિર્માણ આધીન ટર્મિનલ શરૂ થઈ જશે આ ટર્મિનલમાં ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ એમ બંને ફ્લાઈટના મુસાફરો માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. આ સાથે જ રાજકોટનું વિશ્વના અન્ય દેશો સાથે હવાઈ માર્ગે જોડાણ શરૂ થશે.

આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટેના ટર્મિનલનું બાંધકામ હજુ ચાલી રહ્યું હોવાથી આંતરરાષ્ટ્રીય વિમાની સેવા હજુ સુધી શરૂ થઈ શકી નથી. જે પૂર્ણ થતા જ સેવાઓ શરૂ કરવામાં આવશે.

.................

## LOTHAL

લોથલમાં નિર્માણ પામી રહેલા નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સના પ્રથમ તબક્કાનું કામ 55 ટકા પૂર્ણ થયું છે અને જુલાઇ મહિનાના અંત સુધીમાં પ્રથમ તબક્કાની બાકી રહેલી કામગીરી માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવશે. બાકીના વિવિધ તબક્કા માટે હાલ ટેન્ડર પ્રક્રિયા ચાલી રહી છે.

સંયુક્ત સચિવની અધ્યક્ષતામાં નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સની પ્રગતિની ઓનલાઈન સમિક્ષા બેઠક લોથલમાં પ્રોજેક્ટ સાઇટ ખાતે યોજાઇ હતી તેમાં આ માહિતી આપવામાં આવી હતી. આ બેઠકમાં , માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય, નેવી કોસ્ટ ગાર્ડ સહિત રાજ્ય સરકારના અધિકારીઓએ ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે, સાગરમાલા કાર્યક્રમ અંતર્ગત કેન્દ્રીય બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા લોથલમાં નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ વિકસાવવામાં આવ્યું છે. તેનો ઉદ્દેશ અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને પ્રાચીનથી આધુનિક સમય સુધીના ભારતના દરિયાઇ વારસાને પ્રદર્શિત કરવાનો અને આ સ્થળને આંતરરાષ્ટ્રીય પ્રવાસન કેન્દ્ર બનવાનો છે.

----------------

# TAPI PRAGATYA DIVAS

દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન લોકમાતા તાપી નદીનો આજે પ્રાગટ્ય દિવસ છે, આ દિનને વધાવવા માટે વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં ઉકાઇ ડેમ ખાતે એક કાર્યક્રમ યોજાયો હતો.. સૂર્યપુત્રી તાપી નદીની આજના દિને વિશેષ પૂજા કરી ઉજવણી કરાઇ હતી. આ વર્ષે દક્ષિણ ગુજરાતના જીવા દોરી સમાન ઉકાઈ ડેમ સંપૂર્ણ ભરાઇ જાય તેવી પ્રાર્થના કરાઇ હતી..

-----------------------------

# NEWS IN BRIEF

**હવે સાંભળીએ કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- દાહોદમાં નગર પાલિકા ફાયર સ્ટેશનના સરકારી ઇજનેરી કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ફાયર સેફટી અને રેસ્ક્યુ અંગેની તાલીમ અપાઇ.
- મહીસાગર જિલ્લાના મેડજીના મુવાડા ખાતેની શાળાના વિદ્યાર્થીઓ માટે ISROના વૈજ્ઞાનિક દ્વારા રોકેટ ટેકનોલોજીની સમજ આપતા વિશેષ વર્ગ યોજવામાં આવ્યો હતો..
- સુરેન્દ્રનગરના સાયલા તાલુકાના અડાળા ખાતે જિલ્લા કલેકટરની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મ પર પ્રાકૃતિક ખેતી અંગે પરિસંવાદ યોજાયો

- રાજ્યના અને બોટાદના પ્રભારી મંત્રી ભાનુબેન બાબરીયાએ બોટાદમાં કલેક્ટર કચેરી ખાતે સ્ટાફ તેમજ આવનાર અરજદાર માટે નવનિર્મિત ઘોડિયાઘર અને કર્મચારી માટે ફિટનેસ જીમનું ઉદ્ઘાટન કર્યું.
- પંચમહાલ અને મહીસાગર જિલ્લાના તમામ કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા ફુડ બિઝનેશ ઓપરેટરો માટે ખાદ્ય સુરક્ષા અંગે જાણકારી આપતા પરિસંવાદ યોજવામાં આવ્યો.
- સુરતમાં ખેડૂતો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓને બજાર મળી રહે તેવા હેતુથી દયાળજી બાગ ખાતે તરંગ મેળાને ખુલ્લો મુકાયો. ત્રિ-દિવસીય મેળો રવિવાર સુધી ખુલ્લો રહેશે.

---------------------------------------------------------------------------